# મોડાસામાં ટ્યુશન ક્લાસીસ પર પ્રતિબંધ કાગળ પર ઠેર ઠેર રહેણાંક મકાનોમાં ટ્યુશન ધમધમી રહ્યા છે

## ટ્યુશન ક્લાસીસમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક કોરાણે

મોડાસા, તા. ૧૯

કેન્દ્ર સરકાર કોરોનાના સંક્રમણમાં આગામી અઢી મહિના મહત્વના હોવાનું જણાવી રહી છે રાજ્ય સરકાર પણ ડિસેમ્બર સુધી શાળા કોલેજ ખોલવાના સમર્થનમાં ન હોવાનું શિક્ષણવિભાગના સૂત્રો જણાવી રહ્યા છે, બીજી બાજુ મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ટ્યુશન ક્લાસીસ ધમધમી રહ્યા છે હવે ટ્યુશન ક્લાસ ચલાવતા સંચાલકો અને શિક્ષક ટ્યુશન કરાવવાની પદ્ધતિ બદલી શિક્ષણ વિભાગની આંખોમાં ધૂળ નાખી રહ્યા હોય તેમ સોસાયટી વિસ્તાર અને રહેણાંક વિસ્તારોમાં મકાન ભાડે લઇ કે પછી વિદ્યાર્થીઓના ઘરે ટ્યુશન ક્લાસ શરુ કરી દીધા છે. મોડાસા શહેરમાં કેટલાક ટ્યુશન ક્લાસીસમાં સરકારી શિક્ષકો પણ ટ્યુશન આપી રહ્યા હોવાની બૂમો ઉઠી છે વિદ્યાર્થીઓના જીવન જોખમે ટ્યુશન ક્લાસીસ ધમધમી રહ્યા છે જેમાં વિદ્યાર્થીઓના વાલીઓની અતિમહત્વકાંક્ષા અને ટ્યુશન કરાવતા સરકારી શિક્ષકો સહીત ટયુશન ક્લાસીસ ચલાવતા સંચાલકોની લાલચ કારણભૂત બન્યું છે ત્યારે જીલ્લા શિક્ષણતંત્ર મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ચાલતા ટયુશન ક્લાસીસથી અજાણ છે કે પછી આંખ આડે કાન કરી રહ્યું છે તે જોવું રહ્યું.



હાલમાં કોરોનાને કારણે જે છૂટછાટ આપવામાં આપવામાં આવી છે એ હજુ પણ મર્યાદિત છે. આવા સમયે સ્કૂલ અને ટયૂશન કલાસ હજુ ચાલું કરવાની મંજૂરી આપવામાં આવી નથી. પ્રશાસન દ્વારા ખાનગી ટયૂશન કલાસિસના સંચાલકોને સૂચના આપવામાં આવી છે કે કોઈપણ સંજોગોમાં કલાસિસ ઘરે કે બહાર શરૂ કરવા નહીં, માત્ર ઓનલાઈન શિક્ષણ આપવું તેમ છતાં સરકારની ગાઈડલાઈન નો ઉલાળિયો થઈ રહ્યો છે મોડાસા શહેરમાં ટ્યુશન ક્લાસીસ ચલાવતા કેટલાક સંચાલકો, શિક્ષકો અને સરકારી શાળામાં ફરજ બજાવતા કેટલાક લોભિયા શિક્ષકો ટ્યુશન કરાવવાની પધ્ધતિ બદલી ફ્લેટ, રહેણાંક વિસ્તારોના મકાનોમાં તેમજ ટ્યુશન આવતા વિદ્યાર્થીઓના ઘરે રોટેશન પ્રમાણે ટ્યુશન આપી રહ્યા છે. ટ્યુશન ક્લાસમાં શિક્ષક કે વિદ્યાર્થીઓ માસ્ક પણ પહેરતા નથી અને સોશ્યલ ડિસ્ટન્સ પણ જળવાતો ન હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી. ટ્યુશન ચલાવતા શિક્ષક અને ક્લાસીસના સંચાલકો ટ્યુશન આપવાની પધ્ધતિ બદલી રાજ્ય સરકાર અને નગરપાલિકા તંત્રની આંખોમાં ધૂળ નાખી રહ્યા છે ત્યારે જોવું રહ્યું કે આવા લોભિયા લોકો સામે વહીવટીતંત્ર કોઈ દંડનીય કાર્યવાહી કરશે કે પછી આ આદેશ ફક્તને ફક્ત સ્કૂલ કોલેજ સુધી સીમિત રહેશે જેવા અનેક પ્રશ્નો પેદા થયા છે.

# મોડાસા, મેઘરજમાં સતત ત્રીજા દિવસે વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ

મોડાસા, તા. ૧૯

શિયાળાના આગમન-ચોમાસાના વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ્રેશનથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. અરવલ્લી જીલ્લામાં સતત ત્રીજા દિવસે મેઘરાજાએ ધબધબાટી બોલાવતા ખેતરોમાં કપાસ અને મગફળીના પાકને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ છે. જેના લીધે વરસાદ ખાબકેલ પંથકના ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ત્રણ દિવસથી સમગ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદી માહોલ છવાયો છે ત્યારે મોડાસા અને મેઘરજ પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડતા ખેડૂતોની ખેતી પલળી જતા કફોડી સ્થિતીમાં મુકાયા છે.

અરવલ્લી જીલ્લાના મોટા ભાગના વિસ્તારમાં અચાનક વરસાદની અણધારી એન્ટ્રી થતા ખેડૂતોના તૈયાર થયેલા પાક નિષ્ફળ જવાના એંધાણ સર્જાતા



ખેડૂતોના જીવ તાળવે ચોટયા છે. વરસાદની ઋતુ ધીરે ધીરે પૂર્ણ થવાના આધારે છે અને શિયાળાની શરૂઆત થઈ રહી હોવાથી શરદ ગરમની ઋતુ થતા દિવસે ગરમી અને સવારના ફુલ ગુલાબી ઠંડીનો એહસાસ થઈ રહ્યો છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં ત્રણ-ચાર દિવસથી સખત ગરમી પડી રહી હોવાથી વરસાદ આવવાના એંધાણ થયા હતા. જેથી હાલમાં મગફળી અને કપાસ જેવા પાકો તૈયાર થઈ ગયા હોવાથી વરસાદથી બગડી જવાના ભય જગતનો તાત ગણાતા ખેડૂતોમાં વ્યાપી ગયેલ હતો જ્યારે ધારણા મુજબ અચાનક વાતાવરણમાં પલટો આવતા આકાશમાં કાળા ડિબાંગ વાદળ ગોરંભયા હતા અને વાવાઝોડા સાથે વરસાદ તુટી પડયો હતો. સોમવારે મોડાસાના મરડીયા અને મેઘરજના ઈપલોડા પંથકમાં તો રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા અને ખેતરોમાં પાણી ભરાયા હતા. વરસાદથી ગરમી સામે રાહત તો મળી હતી પરંતુ તૈયાર થયેલ પાક બગડવાની દહેશત થઈ રહી છે. અરવલ્લી જીલ્લામાં જાણે કુદરત રૂઠયો હોય તેમ છેલ્લા ચાર વર્ષથી કોઇ પણ ઋતુમાં પાક તૈયાર થાય છે અને વરસાદ તેનો બગાડ કરવા જરૂર આવે છે માટે ખેડૂતો દર વર્ષે મોટું નુકસાન ભોગવી રહ્યા છે.

## બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૨૬ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૯ પહોંચ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. જ્યાં સોમવારે કોરોનાના વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૨૬ પહોંચી ગઈ છે.

આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૦૫, દાંતા ૦૧, ધાનેરા ૦૨ અને દિયોદરમાં ૦૨ કેસ નોંધાયા હતા. કુલ ૧૦૭૧ સેમ્પલમાં ૧૦નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

### કાબોલામાં આવેલ ગુરૂકૃપા પેપર મિલમાં ચડ્ડી ગેંગ ત્રાટકી


# ૬ લાખથી વધુ રૂપિયાની ચોરી કરી પલાયન, સીસીટીવીમાં ટોળકી કેદ

રાજયમાં ચડ્ડી-બનિયાનધારી ગેંગ કારખાનાઓમાં ત્રાટકી ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપવા માટે કુખ્યાત છે. લોકડાઉન અનલોક થયા બાદ અરવલ્લી જીલ્લામાં તસ્કરો ટોળકી અને ઘરફોડ ગેંગ સક્રિય થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. તસ્કર ટોળકી પોલીસતંત્રને પડકાર આપી રહી હોય તેમ સતત જીલ્લામાં નાની-મોટી ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. મોડાસા તાલુકાના કાબોલા ગામે આવેલ ગુરૂકૃપા ક્રાફટ નામની પેપર મીલમાં ચડ્ડી ગેંગ ત્રાટકી ઓફિસમાં રહેલ કબાટ અને ખાનામાંથી ૬ લાખથી વધુની ચોરી કરી ફરાર થઇ જતા ભારે ચકચાર મચી છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ



હતી મિલના માલિકે રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ચોરીના સીસીટીવી ફૂટેજ લઈ ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી. સિક્યુરિટી ગાર્ડ તૈનાત પેપરમિલમાં ચોરી થતા લોકોમાં અચરજ ફેલાયું છે.

મોડાસા-હિંમતનગર રાજ્યધોરી માર્ગ પર કાબોલા પાટિયા પર આવેલી ગુરુકૃપા ક્રાફટ નામની પેપરમીલમાં રવિવારે રાત્રે ચડ્ડી પહેરેલ ત્રણ જેટલા શખ્સો ત્રાટક્યા હતા અને પેપરમીલની ઓફિસમાં રહેલ કબાટ અને ખાનામાં રાખેલ રૂપિયા ૬ લાખથી વધુની રોકડ ગણતરીની મિનિટ્સમાં લઈ ફરાર થઈ ગયા હતા. સોમવારે સવારે પેપરમીલના માલિક અને કર્મચારોએ ઓફિસ ખોલતા ઓફિસમાં માલસામાન અસ્તવ્યત પડેલ હોવાની સાથે કબાટ અને ટેબલના ખાના તૂટેલા જોતા ફાળ પડી હતી. પેપરમીલના માલિકે ટેબલના ખાનામાં મુકેલ રોકડ રકમ ગાયબ થયેલી જણાતા ઓફિસના સીસીટીવી કેમેરા ચકાસતા ચડ્ડી પહેરેલ એક શખ્સ ચોરીની ઘટનાને અંજામ આપતો સીસીટીવી કેમેરામાં અને બે ચડ્ડી પહેરલ તસ્કરો ઓફિસ બહાર પહેરો ભરતા કેમેરામાં કેદ થતા પેપરમિલ માલિકે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.




અરવલ્લી જિલ્લામાં જુગાર તથા પ્રોહીબીશનની બદીને નેસ્ત નાબુદ કરવા અપાયેલ સૂચના અનુસાર મેઘરજ પીએસઆઈ એન.એમ. સોલંકી સ્ટાફ સાથે પેટ્રોલિંગ તથા વોચમાં હતા. દરમિયાન મળેલ બાતમી અન્વયે મેઘરજ ગાય વાછરડા ગામે રેડ કરતા ફતાભાઈ સવજીભાઈ અંસારીના રહેઠાણ આગળ દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ કરી દેશી દારૂ ગાળવાની પ્રતિબંધક ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હતી. દેશી દારૂ લીટર બે રૂ. ૨૦ ભઠ્ઠી ઉપરનો વોસ લીટર ૫૦ રૂ. ૩૦ પ્લાસ્ટીકની નળી મળી કુલ મુદ્દામાલ રૂપિયા ૨૨૦નો કબજે લીધો હતો. આરોપી ફતાભાઈ સુરજીભાઈ અંસારી રહે. ગાય વાછરડા, તા. મેઘરજ, જી. અરવલ્લી ચકમો આપી ફરાર થઈ ગયો હતો. આરોપી વિરૂદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# પ્રાંતિજ હનુમાન મંદિર પાસે વિજકરંટથી બે ગાય માતાઓએ જીવ ગુમાવ્યા

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિજકરંટથી બે ગાયમાતાઓના મોત વિજકરંટથી ગાય માતાઓનો મોત નિપજવાનો સિલસિલો યથાવત રહ્યો છે.

પ્રાંતિજ હનુમાન ચોક વિસ્તારમાં વહેલી સવારે વિજકરંટ લાગતા બે ગાય માતાઓના ઘટના સ્થળે તડપી તડપીને મોત નિપજ્યા છે. પ્રાંતિજમાં વિજકરંટથી ગાય માતાના મોત થવાની ઘટના પહેલી નથી અને આના પહેલા પણ વિજકરંટ લાગતા ત્રણ થી ચાર ગાય માતાઓએ જીવ ગુમાવ્યો છે. આ અંગે વિજકંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવને ટેલીફોનિક પુછતા તેવોએ જણાવ્યુ કે અમે આ અંગે નગરપાલિકાને અગાઉ પણ લેખિતમાં જાણ કરવામાં આવી છે અને નગરપાલિકાની બેદરકારીને લઈને આજે બે ગાયોએ જીવ ગુમાવ્યો છે. આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર



આકાશભાઈ પટેલનો ટેલીફોનિક સંપર્ક કરતા તેવોએ જણાવ્યુ કે મારા નોલેજમાં આવ્યું છે ત્યારે મે નગરપાલિકાના કર્મચારી ચિન્ટુભાઈને પણ સ્થળ ઉપર મોકલી દીધા છે અને કાલે હુ જાતે રૂબરૂ જઈને ચેક કરીશ ત્યારે હાલ તો એક બીજાના પર આક્ષેપ થઈ રહ્યા છે. ત્યારે હાલ તો ભુલ જેની પણ હોય પણ બે ગાય માતાઓએ વિજકરંટને લઈને જીવ ગુમાવ્યા છે એ ઘટનાના પ્રાંતિજ ખાતે પહેલીવાર બની નથી ત્યારે અવારનવાર આવી ઘટના બનવા છતા હજુ તો વિજકંપની અને પ્રાંતિજ નગરપાલિકા એક બીજા ઉપર આક્ષેપ કરી રહ્યા છે ત્યારે હવે કોઈ આવી ઘટના ના બને તે વિષેની તપાસ થશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

### મોડાસામાંથી ચોરાયેલ ફોર્ચ્યુનર ગાડી માલિકે તેના

# મિત્રો સાથે મળી પોલીસની મદદથી ઉત્તરપ્રદેશ નજીકથી શોધી કાઢી

મોડાસા, તા. ૧૯

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી કલ્પતરૂ સોસાયટીમાં ઘર નજીક પાર્ક કરેલી ફોર્ચ્યુનર ગાડી ગત રવિવારે રાત્રીના સમયે ચોર ટોળકી લઈ પલાયન થઈ જતા ઘર નજીક પાર્ક કરેલી ૨૫ લાખની એસયુવી ગાડી ચોરાતાં કાર માલિક સહીત મોડાસા શહેરમાં ભારે ચકચાર મચી હતી. આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરેલ ફોર્ચ્યુનર ગાડીની તપાસ હાથ ધરી હતી ફોર્ચ્યુનર ગાડીના માલિક નિર્મલ ચૌધરી અને તેમના મિત્રોએ ચોરી થયેલ ગાડીની શોધખોળમાં જોતરાઈ ગયા હતા. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ત્રણ કર્મીઓ સાથે રાખી આખરે ૭ દિવસની ભારે શોધખોળ પછી ભરતપુર નજીક આવેલ યુપીની સરહદ પરથી ફોર્ચ્યુનર ગાડી બિનવારસી હાલતમાં મળી આવતા ગાડીના માલિક અને પોલીસે હાશકારો અનુભવ્યો હતો.



મોડાસા માર્ગ અને મકાન વિભાગમાં આસિસ્ટન્ટ એન્જીનીયર તરીકે ફરજ બજાવતા નિર્મલ યશવંતભાઈ ચૌધરી મોડાસાના મેઘરજ રોડ પર આવેલ કલ્પતરૂ સોસાયટીમાં રહે છે. થોડા મહિના અગાઉ જ ફોર્ચ્યુનર ગાડી ખરીદી હતી. રવિવારે રાત્રે ઘર નજીક પાર્ક કરેલ ફોર્ચ્યુનર(ગાડી. નં.૧૮.બીજે. ૯૮૯૮)ની આંતરરાજ્ય વાહન ચોરતી ગેંગના બે શખ્સો ચોરી કરી પલાયન થતા ભારે ચકચાર મચી હતી. આ અંગે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ નિર્મલ ચૌધરી અને તેમના મિત્ર વર્તુળે ૫ ટીમ બનાવી વિવિધ વાહનો મારફતે ટોલપ્લાઝાના સીસીટીવી ચેક કરતા ચોર ગાડી રાજસ્થાનના ચિતોડગઢના ટોલપ્લાઝાના સીસીટીવી કેમેરામાં કેદ થયા પછી ગાયબ થઈ હતી. મોડાસા ટાઉન પોલીસે સ્ટેશનના ત્રણ પોલીસકર્મીની મદદથી રાજસ્થાન ઘમરોળી નાખ્યું હતું, આખરે ફોર્ચ્યુનર ગાડી રાજસ્થાનના ભરતપુર નજીક ત્રણ રાજ્યોની સરહદ પર આવેલા ઉત્તરપ્રદેશના વિસ્તારમાં હોવાની જાણ થતા સ્થાનિક પોલીસની મદદ લીધી હતી.

### શામળાજી પોલીસે અણસોલ નજીક મીની ટ્રકમાંથી

# પૂંઠા અને મશીનના બોક્ષની આડમાં સંતાડેલ ૯.૮૪ લાખના દારૂ સાથે બે ખેપિયાને ઝડપ્યા

શામળાજી, તા. ૧૯

ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવા ઉપરાંત દારૂને લઈને ખૂબ



જ કડક કાયદો હોવા છતાં રાજ્યમાં દરરોજ કરોડો રૂપિયાના દારૂનું ગેરકાયદે વેચાણ અને હેરાફેરી થાય છે. આ વાત વાત નગ્ન સત્ય છે, જેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી થતી અટકાવવા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દોડાદોડ કરી રહી છે. શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી મિનિટ્રકમાં પૂંઠા અને મશીનના બોક્ષની આડમાં સંતાડીને લઈ જવાતો ૯.૮૪ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. રાજસ્થાન તરફથી શંકાસ્પદ ઝડપ સાથે આવતી મીની ટ્રક



(ગાડી નં. એનએલ.૦૧. એબી. ૬૪૯૯)ને અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી પૂંઠા અને મશીનના બોક્ષ ભરેલ હતા પોલીસે પુંઠા અને મશીનના બોક્ષ હટાવતાની સાથે ટ્રકની વચ્ચે સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૩૦૪ મળી આવી હતી જેમાં વિદેશી દારૂની બોટલ-૨૪૭૨ અને ક્વાંટરીયા નંગ-૪૯૦૦ મળી કુલ રૂ.૯૮૪૪૦૦ નો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલક મોહસીનખાન હસનખાન અને ક્લીનર દીલીપ રાજેન્દ્ર માંડલ (બંને રહે. હરિયાણા)ને ઝડપી પાડી ટ્રક, મોબાઈલ અને વિદેશી દારૂ મળી કુલ રૂ.૧૬૮૭૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર હરિયાણાના રાજુ યાદવ નામના બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજી પોલીસે વિદેશી દારૂનો જથ્થો કોને પહોચાડવાનો હતો તે દિશામાં તપાસ આદરી હતી.

# સાંસદ જુગલસિંહ ઠાકોર આંગણવાડી મકાનનું લોકાર્પણ કરવાના હતા તે લોકાર્પણ બંધ રહ્યું જાણો કેમ..??

## નાની ઈસારોલ ગામે આંગણવાડી વિવાદનું કેન્દ્ર

રાજ્યસભાના સાંસદ અને ક્ષત્રીય ઠાકોર સમાજના અગ્રણી જુગલસિંહ ઠાકોર રવિવારે બપોરે બે વાગ્યાના સુમારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઈસરોલ ગ્રામ પંચાયતના તાબા હેઠળ આવતા નાની ઈસરોલ ગામે નિર્માણ થઈ રહેલા આંગણવાડી મકાનનું લોકાર્પણ કરવા આવવાના હતા, આંગણવાડી લોકર્પણ કાર્યક્રમ અંગે ગ્રામ પંચાયતના સરપંચ જ અજાણ હોવાથી આંગણવાડી લોકર્પણ કાર્યક્રમ બંધ રાખવા સરપંચે કલેકટર સહીત મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હાલ કોરોનાના સંક્રમણનું ભય હોવાનું અને આંગણવાડીનું મકાન સંપૂર્ણ તૈયાર ન હોવાથી લોકર્પણ કાર્યક્રમ બંધ રાખવા તાકીદ કરતા વિવાદ ઉભો થતા લોકાર્પણ કાર્યક્રમ બંધ રાખવાની ફરજ પડી હતી. નાની ઈસરોલ ગામે આંગણવાડી કાર્યક્રમના બદલે સાંસદનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો છે.

નાની ઈસરોલ ગામે આંગણવાડીના મકાનના લોકાર્પણ અંગેના કાર્યક્રમ અંગે રાજ્ય સભાના સાંસદ જુગલસિંહ ઠાકોર સાથે ટેલિફોનીક વાત કરતા તેમને




આ અંગે જણાવ્યું હતું કે આંગણવાડી લોકાર્પણ કાર્યક્રમ અંગે અજાણ છે તેમનું ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા નાની ઈસરોલ ગામે સન્માન સમારોહ રાખવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું, બીજી બાજુ ખુદ સાંસદ જુગલસિંહ ઠાકોરે તેમના ફેસબુક પેજ પર ઈસરોલ ગામે રવિવારે બપોરે ૨ વાગે આંગણવાડી મકાનનું લોકાર્પણ કરવાના હોવાની પોસ્ટ કરી હતી ત્યારે આંગણવાડી લોકાર્પણ કાર્યક્રમ વિવાદમાં સપડાતા સાંસદે અજાણ હોવાનું જણાવી ફેરવી તોળ્યું હતું.

ઈસરોલ ગ્રામ પંચાયતના મહિલા સરપંચનો ટેલિફોનીક સંપર્ક કરતા તેમના પતિએ ટેલિફોન પર જણાવ્યું હતું કે સાંસદ જુગલસિંહ ઠાકોર નાની ઈસરોલ ગામે આંગણવાડીના મકાનનું લોકાર્પણ કરવા આવવાના હતા તે મકાનનું કામકાજ પૂર્ણ થયું નથી અને કેટલાક સ્થાનિક અસામાજીક તત્વો એ ગ્રામ પંચાયત અને સરપંચને પણ જાણ બહાર સમગ્ર કાર્યક્રમ યોજી રહ્યાનું સોશ્યલ મીડિયા મારફતે ધ્યાને આવતા આ અંગે શનિવારે મારા પત્ની અને ઈસરોલ ગ્રામ પંચાયતના સરપંચ ચેતનાબેન અલ્પેશભાઈ પરમારે કલેક્ટરને લેખિત રજુઆત કરી આંગણવાડી લોકાર્પણ કાર્યક્રમ બંધ રાખવા રજુઆત કરી છે. મકાનનું કામકાજ પરીપૂર્ણ થયું નથી અને હાલ કોરોનાની મહામારીમાં વરઘોડો કાઢી લોકાર્પણ કરવાના હોવાથી કોરોના સંક્રમણ થવાનો ભય હોવાનું જણાવ્યું હતું.

હાલ તો રાજ્યસભાના સાંસદ જુગલસિંહ ઠાકોરને સ્થાનિક નેતાઓએ સત્ય હકીકતથી વાકેફ ન કરતા અને અંદર અંદરના વિવાદનો ભોગ બનવું પડ્યું હોવાનું લોકો જણાવી રહ્યા છે. નાની ઈસરોલ ગામે નવનિર્માણ થઈ રહેલ આંગણવાડી મકાનની જગ્યા અને નિર્માણ શરૂઆતથી વિવાદમાં રહ્યું છે ત્યારે આગામી સમયમાં આ વિવાદ વધુ વકરે તો નવાઈ નહિ.